# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઇન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં./મા-૨/પરચ/૨૦૨૪/ ૧૨૦૩૮ તા.૦૩ /૦૮/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, તમામ
જિ.સુરત.

વિષય:- મેલેરિયા નિર્મૂલન અંતર્ગત શિક્ષણ વિભાગનો સહયાગ તેમજ રીપોટીગ બાબત.
સંદર્ભ:-જિલ્લા પંચાતય કચેરી,સુરતનો પત્ર ક્રમાંક નં: મેલે/મેલેરીયા નિર્મુલન/પગલાં/એમ/ટેક/૨૦૨૪,૪૦૩૫-૪૦૫૬ તા.૩૦/૦૭/૨૦૨૪

આ સાથે સામેલ :-જિલ્લા પંચાતય કચેરી,સુરતનો પત્ર ક્રમાંક નં: મેલે/મેલેરીયા નિર્મુલન/પગલાં/એમ/ટેક/૨૦૨૪,૪૦૩૫-૪૦૫૬ તા.૩૦/૦૭/૨૦૨૪ના પત્ર અન્વયે તમામ શાળામાં ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા પ્રમાણે રાજયમાંથી મેલિરિયા નિર્મૂલન અભિયાન બાબતે તમામ શાળાઓએ ચુસ્તપણે પાલન કરવા જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિલ્લો.સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

જિલ્લા પંચાયત કચેરી, સુરત
ડુમસ-વેસુ રોડ, પીપલોદ, સુરત
મેલેરીયા શાખા
E-Mail :- dmo.health.surat@gmail.com

૪૦૩૫-૪૦૫૧
જાનં./મેલે/મેલેરીયા નિર્મુલન/ પગલાં/ એમ /ટેક/૨૦૨૪,

તા. ૩૦/૦૧/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી,
સુરત

વિષય – મેલેરીયા નિર્મુલન અંતર્ગત શિક્ષણ વિભાગનો સહયોગ તેમજ રીપોર્ટીંગ બાબત.

સંદર્ભ- ૧.મા. કમિશ્નરશ્રી(આરોગ્ય) અને અગ્ર સચિવ (જાહેર આરોગ્ય), ગાંધીનગર તેમજ મા. અગ્ર સચિવ, ઉચ્ચ શિક્ષણ, ગાંધીનગર તથા અગ્ર સચિવ, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, ગાંધીનગરનો તા.૧૩-૪-૨૦૧૭નો પત્ર

૨.મા.અધિક નિયામકશ્રી, (આરોગ્ય), આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ.), ગાંધીનગરના પત્ર નં.૧૬૦/મે.મુ.ગુજરાત/એમ-ટેક/૧૭, તા.૧૨/૬/૧૭

૩.મા.સંયુક્ત નિયામકશ્રી, એન.વી.બી.ડી.સી.પી., ગાંધીનગરના પત્ર નં.૧૬૦ / મેલેરીયા નિર્મુલન / પગલાં/એમ/ટેક/૨૦૨૨ તા.૧૪/૧૧/૨૨

૪.અત્રેની કચેરીના પત્ર જાનં.-મેલે- મેલેરીયા નિર્મુલન/ પગલાં/ એમ/૬૫૦૯-૬૫૩૨/ ટેક/ ૨૦૨૨,તા.૩/૧૨/૨૦૨૨

ઉપરોક્ત વિષય તેમજ સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા પ્રમાણે રાજ્યમાંથી મેલેરીયા નિર્મુલન અભિયાન અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ મેલેરીયા કેસોને ૦ લેવલ સુધી લઈ જવા માટે સૌથી મહત્વની બાબતોમાં સર્વેલન્સ, લોહીના નમૂનાનું ગુણવત્તાસભર એકત્રીકરણ, નિદાન, સંપૂર્ણ સારવાર, જાહેર થયેલ મેલેરીયા કેસને આધારે પૃથક્કરણ, ત્યાર બાદ લેવાના થતા રોગ અટકાયતી પગલાંઓ, આરોગ્ય શિક્ષણ અને રીપોર્ટીંગ વગેરેનો સમાવેશ થાય છે.

આ અભિયાન અંતર્ગત શિક્ષણ વિભાગના હસ્તકની તમામ શાળાઓ અને કોલેજોના મકાનોની અંદર આવેલ પાણીના સ્ત્રોત તેમજ વિભાગના અધિકાર ક્ષેત્રમાં આવેલ ખુલ્લી જગ્યાએ ઉભા થતા પાણીના સ્ત્રોતોમાંથી મચ્છરની ઉત્પત્તિ અટકાવવી જરૂરી છે. આ અંગે વિભાગ હસ્તકની તમામ કોલેજો તથા શાળાઓમાં સંદર્ભ પત્ર અનુસાર કરેલ કામગીરીનો રીપોર્ટ દર માસની ૩ જી તારીખ સુધીમાં અત્રેની જિલ્લા મેલેરીયા કચેરી, સુરતને મોકલી આપવા સૂચના આપવામાં આવે છે, જેથી રીપોર્ટ વડી કચેરી, ગાંધીનગર ખાતે સમયસર રજુ કરી શકાય.

કોલેજો અને શાળાના બાળકોને તેમના ઘરમાં અને આજુબાજુ મચ્છર ઉત્પત્તિ શોધવા અને તેને નાબુદ કરવા સંદર્ભમાં આરોગ્ય શિક્ષણ આપવું. શાળાના બાળકો દ્વારા તેમના ઘરોમાં આવી કામગીરી સક્રિય રીતે કરવામાં આવે તે ઝુંબેશ ગોઠવવી. દરરોજ પ્રાર્થના સમય દરમ્યાન શાળાના નોડલ શિક્ષક દ્વારા બાળકોને વાહકજન્ય રોગો વિશે આરોગ્ય શિક્ષણ આપવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવી.

- તમામ કોલેજો અને શાળાઓમાં દર મહિને પાણીના સ્ત્રોતોની મોજણી કરી મચ્છર ઉત્પત્તિ અટકાવવાની કામગીરી કરાવવી.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.
૪૬૪૧
તારીખ :-
શાખા :-
સહી :-



માધ્ય
આગ
આવશ્યક કાર્યવાહી
પત્ર કરીએ
આગ

- કોલેજો તેમજ સ્કુલ કેમ્પસની ખુલ્લી જગ્યામાં, સ્થગિત થયેલ પાણીમાં મચ્છર ઉત્પત્તિ અંગે ચકાસણી કરી, તે અટકાવવા કેમીકલ અથવા જૈવિક નિયંત્રણ પદ્ધતિથી કામગીરી કરવી.
- કોલેજ અને શાળાના બાળકોને તેમના ઘરમાં અને આજુબાજુ મચ્છર ઉત્પત્તિ શોધવા અને તેને નાબુદ કરવા સંદર્ભમાં આરોગ્ય શિક્ષણ આપવું. શાળાના બાળકો દ્વારા તેમના ઘરોમાં આવી કામગીરી સક્રિય રીતે અમલ કરવામાં આવે તે ઝુંબેશ ગોઠવવી.
- કોલેજ તેમજ શાળાઓમાં મેલેરીયા અને અન્ય વાહક જન્ય રોગોના સંદર્ભમાં સ્પર્ધાઓ યોજી તેમાં બાળકોને સામેલ કરવા. જેની વિગત અત્રેની જિલ્લા મેલેરીયા કચેરી, જિ.પં. સુરતને મોકલવી.

**Statement 3 B**

**Education Department:** **Month -.......................**
**Name of Nodal Officer:** **Designation:**
**Contact No:** **Email:**

| S. no. | Name of activity | Numbers/ details |
|---|---|---|
| 1 | Total no. of govt. schools | |
| | Primary schools | |
| | Secondary schools | |
| 2 | Total no. of private schools | |
| | Primary schools | |
| | Secondary schools | |
| 3 | No. of schools in which Nodal teacher is appointed | |
| 4 | No. of schools inspected/visited for breeding prevention | |
| 5 | No. of schools covered under awareness generation programme | |

ઉપર મુજબની કામગીરીનું દર મહિને સમીક્ષા કરી જરૂરી પગલાં ભરવાના રહેશે. ઉપરોક્ત રીપોર્ટ જિલ્લા મેલેરીયા શાખા, જિ.પં., સુરતના ઈ મેઈલ Id - dmo.health.surat @gmail.com પર કરવા.

વધુ વિગત અંગે આપને કંઈ પણ માર્ગદર્શનની જરૂર હોય, તો જિલ્લા મેલેરીયા કચેરી, જિ.પં. સુરત અથવા નજીકના પ્રા.આ.કેન્દ્રનો સંપર્ક કરવો.

બિડાણ – સંદર્ભ પત્રોની નકલ

કલેક્ટર,
સુરત

નકલ સવિનય રવાના -

- સંયુક્ત નિયામકશ્રી, મેલેરીયા/ફાઈલેરીયા., ગાંધીનગર તરફ જાણ સારૂ
- વિભાગીય નાયબ નિયામકશ્રી (આ. અને ત.સે.) સુરત તરફ જાણ સારૂ

નકલ રવાના -

- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિ.પં., સુરત તરફ જાણ સારૂ
- તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા ....તમામ જિ. સુરત તરફ જાણ સારૂ
- તાલુકા હેલ્થ અધિકારીશ્રી, તાલુકા...તમામ...જિ. સુરત તરફ જાણ તેમજ ઘટતુ થવા સારૂ.